**નિર્ણય લેવાની પ્રકિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ**

(૧) રાહત કામ મંજુર કરવા અંગેઃ– તાલુકા રાહત કમિટીમાં રાહત કામોની દરખાસ્ત પસાર કરી મંજુરી માટે જિલ્લા રાહત કમિટીમાં રજૂ કરવામાં આવ્યેથી સરકારશ્રીના ઠરાવેલ ધોરણો અનુસાર કમિટીમાં રાહત કામ અંગે નિર્ણય લેવામાં આવે છે.

(૨) પીવાના પાણી અંગેઃ– જે તે ગામે પીવાના પાણી અંગેની દરખાસ્ત તાલુકા રાહત કમિટીમાંથી પસાર કરી જિલ્લા રાહત કમિટીમાં મંજુર અર્થે રજુ થાય ત્યારે પાણીના સોર્સ મંજુર કરવા અને પાણીના ટેકન્રોની મંજુરી અંગેનો નિર્ણય જિલ્લા રાહત સમિતીમાં લેવામાં આવે છે.

(૩) ઘાસ ડેપો ખોલવા બાબતઃ– તાલુકામાંથી ઘાસ ડેપો ખોલવા અંગેની જરૂરિયાત ઉપસ્થિત થાય ત્યારે તાલુકા મામલતદારશ્રી તરફથી દરખાસ્ત આવ્યેથી કલેકટરશ્રીને યોગ્ય જણાયે ઘાસ ડેપો ખોલવાની મંજુરી આપે છે.

(૪) અશકત નિરાધાર/સર્ગભા મહિલા માટે કેશ ડોલ્સ ચુકવણી અંગેઃ– તાલુકા મામલતદારશ્રી તરફથી સર્વે કરાવી અશકત નિરાધાર/સર્ગભા મહિલાઓની યાદી તૈયાર કરાવી કલેકટરશ્રીને મોકલે છે જે યાદી નિયમોનુસાર ચકાસણી કરી અશકત નિરાધાર/સર્ગભા મહિલાઓની યાદી કેશ ડોલ્સના ચુકવણા માટે કલેકટરશ્રી મંજુરી આપે છે.